૮૦૦/૫ (પ્લાન, ૧૦૦ ટકા રાજ્ય યોજના), ૨૦ મીટર થી ઓછી લંબાઇની માછીમારી માટેની યાંત્રિક હોડીઓ માટે વપરાશમાં લેવાતા હાઇસ્પીડ ડીઝલ પરના વેટ રાહત આપવાની યોજનાને વર્ષ ૨૦૧૮-૧૯ માટે ચાલુ બાબત તરીકે વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- એફડીવી/૧૨૨૦૧૭/૧૧૮૬/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.30/04/૨૦૧૮

વંચાણે લીધાઃ -

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ (મત્સ્યોદ્યોગ પ્રભાગ) ના ઠરાવ ક્રમાંકઃ- એફડીવી/૧૨૨૦૧૬/૧૫૯૦/ટ તા.૧૫/૦૪/૨૦૧૭

(૨) મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃ ગુમ/થ-૨ /ડીઝલ વેટ રીએમ્બર્સમેન્ટ /૬૭૬/૧૭-૧૮/૭૧૫ તા.૧૫/૧૧/૨૦૧૭

(3) મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરીના પત્ર ક્રમાંકઃ ગુમ/થ-૨ /ડીઝલ વેટ રીએમ્બર્સમેન્ટ /૬૭૬/૧૭-૧૮/૧૦૫૭ તા.૧૬/03/૨૦૧૮

ઠરાવઃ-

૧. ઉકત વંચાણે લીધેલ ક્રમ-૧ સામે દર્શાવેલ આ વિભાગના ઠરાવથી ૨૦ મીટર થી ઓછી લંબાઇની માછીમારી માટેની યાંત્રિક હોડીઓ માટે વપરાશમાં લેવાતા હાઇસ્પીડ ડીઝલ પરની વેટ રાહત આપવાની નોન પ્લાન યોજના મુખ્ય સદર-૨૪૦૫૮૦૦/૦૫ને સને ૨૦૧૭-૧૮માં રૂ.૮૦૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈને વહીવટી મંજુરી આપેલ છે.

૨. ઉકત વંચાણે લીધેલ કમ-૨ સામે દર્શાવેલ મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરીના પત્રથી મત્સ્યોધોગ કમિશ્નર કચેરી હસ્તકની ૨૦ મીટર થી ઓછી લંબાઇની માછીમારી માટેની યાંત્રિક હોડીઓ માટે વપરાશમાં લેવાતા હાઇસ્પીડ ડીઝલ પરની વેટ રાહત આપવાની નોન પ્લાન યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રના માગણી ક્રમાંકઃ૦૬ નાં મુખ્ય સદર-૨૪૦૫-૮૦૦/(૦૫)માં ચાલુ બાબત મહેસુલી સદર હેઠળ કુલ રૂ.૨૦૦૦૦.૦૦ લાખની (સામાન્ય) જોગવાઈ કરવાની સૈધ્ધાંતિક મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની રૂ.૧૦૨૦૦.૦૦ લાખની સૈધ્ધાંતિક મંજુરી આપવા આવેલ છે.

૩. ઉકત વંચાણે લીધેલ ક્રમ-૩ સામે દર્શાવેલ મત્સ્યોધોગ કમિશનરશ્રીની કચેરીના પત્રથી મત્સ્યોધોગ કમિશ્નર કચેરી હસ્તકની ૨૦ મીટર થી ઓછી લંબાઇની માછીમારી માટેની યાંત્રિક હોડીઓ માટે વપરાશમાં લેવાતા હાઇસ્પીડ ડીઝલ પરની વેટ રાહત આપવાની નોન પ્લાન યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રના માગણી ક્રમાંક:૦૬ નાં મુખ્ય સદર-૨૪૦૫-૮૦૦/(૦૫)માં ચાલુ બાબત મહેસુલી સદર હેઠળ કુલ રૂ.૧૦૨૦૦.૦૦ લાખની (સામાન્ય) અંદાજની જોગવાઈ કરવાની વહીવટી મંજૂરી આપવા માટેની દરખાસ્ત કરવામા આવેલ હતી.

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં મત્સ્યોધોગ કમિશ્નર કચેરી હસ્તકની ૨૦ મીટર થી ઓછી લંબાઇની માછીમારી માટેની યાંત્રિક હોડીઓ માટે વપરાશમાં લેવાતા હાઇસ્પીડ ડીઝલ પરની વેટ રાહત આપવાની નોન પ્લાન યોજના હેઠળ વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રના માગણી ક્રમાંક:૦૬ નાં મુખ્ય સદર-૨૪૦૫-૮૦૦/(૦૫)માં ચાલુ બાબત મહેસુલી સદર હેઠળ કુલ રૂ.૧૦૨૦૦.૦૦ લાખની (સામાન્ય) અંદાજની જોગવાઈ ને નીચેની શરતોને આધીન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) સને- ૨૦૧૮-૧૯ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે જ હેતુ માટે ખર્ચ કરવાનો રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો-વખત નક્કી કરવામાં આવતી જોગવાઇઓ અને લાગુ પડતા ધારા-ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:- એસપીઓ / ૧૦૨૦૦૫- ૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે ઇ- ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ / સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણ અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ જગ્યાઓની મંજુરી મેળવવાની થતી હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા-ધોરણ અનેનિયમોનુસાર કરવાની રહેશે.

(૭) વર્ષના અંતે જો કોઇ બચત રહે તો તે પરત કરવાની રહેશે.

(૮) આ યોજનાનું વાર્ષિક કદ વધારેમાં વધારે રૂ. ૮૦૦૦.૦૦ લાખની મર્યાદામાં રાખવાનું રહેશે.

(૯) પ્રતિ બોટ વાર્ષિક મહત્તમ રૂ. ૧.૧૪ લાખની રાહત ચુકવવાની રહેશે.

(૧૦) માછીમાર કુટુંબ દીઠ મહત્તમ એક બોટ ને જ ડીઝલ વેટ રાહત મળવાપાત્ર રહેશે.

(૧૧) ડીઝલ વેટ રાહત મેળવનાર તમામ બોટોનું ફીઝીકલ વેરીફીકેશન જિલ્લા કચેરીઓ દ્વારા કરવાનું રહેશે. આવી તમામ બોટોમાં જી.પી.એસ. યંત્ર બેસાડવાનું રહેશે.

(૧૨) ડીઝલ વેટ રાહતની રકમનું ચુકવણું ડી.બી.ટી. ( આધાર આઇડેન્ટીફીકેશન ) દ્વારા કરવાનું રહેશે.

(૧૩) માછીમારીની ડીઝલથી ચાલતી બોટોને જ આ યોજના લાગુપડશે.તા.૧૫/૦૪/૨૦૧૭ના નવી નીતિ અન્વયે નવા ડીઝલકાર્ડ ઇસ્યુ કરવામાં આવેલ હોય તેવી બોટોને જ ડીઝલ વેટ રાહત મળવાપાત્ર રહેશે. ચાલુ નાણાકીય વર્ષ નો ઠરાવ રવાના થયા તારીખ બાદના જ માછીમારી માટેની બોટો માટેના ડીઝલ ખરીદીના બીલો ઉપરની વેટ સબસીડી/સહાય મળવાપાત્ર થશે.

(૧૪) રાહત મેળવવા માટે ૨૦મી. થી ઓછી લંબાઇની ડીઝલથીચાલતી બોટોએ મત્સ્યોદ્યોગ ખાતામાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવુ ફરજીયાત છે.

(૧૫) આ પ્રકારની રજીસ્ટર્ડ થયેલ બોટોએ માછીમારી માટેનું લાયસન્સ ફરજીયાત મેળવેલ હોવાનું તેમજ સમયાંતરે લાયસન્સ રીન્યુ કરાવેલ હોવુ જરૂરી છે.

(૧૬) રજીસ્ટર્ડ થયેલ બોટોનું માછીમારી માટેનું લાયસન્સ અને રજીસ્ટ્રેશન થયા બાદ જ ડીઝલ વિતરણ કાર્ડ ઇસ્યુ કરવાનારહેશે.

(૧૭) માન્ય ડીઝલ પંપો ચાલુ હોવા જોઇએ, અને તેની સમયાંતરે ભૌતિક ચકાસણી જિલ્લા અધિકારીએ બિનચુક કરવાની રહેશે. વધુમાં( અ) દરેક સ્થળે મત્સ્યબંદર/મત્સ્ય કેન્દ્ર ઉપર આવેલ ડીઝલકાર્ડ પૈકી કુલ ડીઝલકાર્ડ ના ૫૦ ટકા જીએફસીસીએને ક્રમનુસાર ફાળવવા અને બાકીના ૫૦ટકા ડીઝલકાર્ડ સરખા ભાગે સ્થળે, મત્સ્યબંદરે/મત્સ્યકેન્દ્ર ઉપર આવેલી સરકારમાન્ય મત્સ્ય સહકારીમંડળીના સરકાર માન્યપંપોને ફાળવવાના રહેશે. (બ)દરેક સ્થળે આવેલી મત્સ્ય સહકારી મંડળીઓના એક કરતા વધુ ડિઝલપંપો આવેલા હોયતો સબંધિત મંડળીઓના દરેકસ્થળના ફક્ત એક જ ડિઝલપંપને કે જેને કૃષિ અને સહકાર વિભાગ (મત્સ્યોદ્યોગ પ્રભાગ) દ્વારા માન્યતા પ્રાપ્ત ડીઝલ પંપને ડીઝલ કાર્ડ ફાળવવાના રહેશે .અને તેવા ડિઝલપંપો પરથી વિતરીત થયેલા ડિઝલ પર જ રિએમ્બર્સમેન્ટ મળવાપાત્ર રહેશે. (ક) જે સ્થળો એજી.એફ.સી.સી.એ.ના ડિઝલપંપ ઉપલબ્ધ ન હોય ત્યાં અગાઉની માન્ય મત્સ્યોદ્યોગ સહકારીમંડળીના ડિઝલપંપપરથી આહેતુમાટે માછીમારો ડિઝલ મેળવી શકશે.

(૧૮) માછીમારી કરતી બોટોએ માછીમારી માટે દરીયામાં બોટ મુવમેન્ટ જતા આવતા સમયે તેની નોંધ બોટ મુવમેન્ટ નોંધણી બુકમાં કરવાની રહેશે અને ટોકન મેળવેલ હોવા જોઇએ અને તે મુજબ ડીઝલ બીલો નું મેળવણું કરી ચકાસણી કરીને ખરાઇ ફરજિયાત કરવાની રહેશે.આ બાબતે જે તે કચેરીના વડાની જવાબદારી રહેશે.

(૧૯) માછીમારો દ્વારા અધિકૃત ડીઝલકાર્ડના આધારે માન્ય થયેલ ડીઝલ પંપો ઉપરથી ખરીદેલા ડીઝલ બીલમાં ડીઝલ પંપના સંચાલકે બોટ ધારકનું નામ, બોટ રજીસ્ટ્રેશન નંબર, બોટનુંનામ, ખરીદેલ જથ્થા તારીખ, જથ્થાની વિગત, કિંમત, વેટની રકમ, બોટ મુવમેન્ટની વિગતો, ટોકન નંબર અને તારીખ વિગેરેસ્પષ્ટ અને સુવાચ્ય નોંધ કરી સહી કરી બીલ આપવાનું જરૂરી છે. માત્ર તેવાજ બિલો ધ્યાને લેવાના રહેશે.

(૨૦) ડીઝલ વિતરણકાર્ડમાં થયેલ ડીઝલ માટે વેટરાહત મંજુર કરવા માટે માછીમાર બોટ માલીકે ડીઝલ ખરીદીના અસલ બીલ, ટ્રીપની વિગતો તથા બોટ મુવમેન્ટ ટોકન રજીસ્ટરનો ઉતારો તથા અન્ય જરુરી આધાર પુરાવા સાથે મત્સ્યોદ્યોગની જિલ્લાકચેરીમાં અરજી સહ રજુ કરવાના રહેશે.

(૨૧) આવા મળેલ કલેઇમના પ્રવર્તમાન ધારાધોરણો/નિયમો મુજબ ચકાસણી કરી યોજના હેઠળના સંબંધિ તલાભાર્થીને ડી.બી.ટી.થી સત્વરે તેમના બેંક ખાતામાં રિએમ્બર્સમેન્ટની રકમ સીધેસીધી જમા કરાવાની રહશે. આ વ્યવસ્થા માટે લાભાર્થીનું બેંક ખાતુ ન હોય તો લાભાર્થીએ તેવુ ખાતુ ખોલાવવાનું રહેશે. નિયત થયેલ વાર્ષિક જથ્થા તેમજ નિયત થયેલ ટ્રીપના જથ્થાથી વધુખરીદેલ ડીઝલના જથ્થા પર વેટ રાહત મંજુર કરી શકાશે નહી.

(૨૨) માછીમારોને મંજુર કરવામાં આવતા રિએમ્બર્સમેન્ટ રકમ, ડીઝલ ખરીદી પર લાગેલ વેટ જેટલી જ રહેશે.

(૨૩) માછીમારોને મંજુર કરવામાં આવતી રિએમ્બર્સમેન્ટ રકમમાં ડીઝલ ઉપરનો ટર્ન ઓવર ટેક્ષ અથવા ડીઝલની કિંમતમાં લેવાતો હોય તે સ્ટેટ સરચાર્જ કે ડીઝલ ઉપરના સેસનો કે અન્ય કોઇ વેરા કે સેસનો સમાવેશ થઇ શકશે નહી.

(૨૪)' હવામાનખાતા કે સરકારશ્રીના અન્ય ખાતા દ્વારા આપવામાં આવતી કુદરતી આપત્તીઓ સંબંધીત સુચનાઓનું માછીમાર લાભાર્થીએ બિનચુક પાલન કરવાનું રહેશે, જેના ભંગ બદલ ડીઝલ કાર્ડ રદ/જપ્ત કરી શકાશે, અને આવા ભંગ કરીને માછીમારીની કરેલ ટ્રીપ માટે ડીઝલની સહાય મળવાપાત્ર રહેશે નહી. લાભાર્થી માછીમાર દ્વારા અનિયમિતતા કે ગેરરિતિ દ્વારા વેટ રાહતનો ગેરલાભલીધાનું ધ્યાન ઉપર આવ્યે કસુરદાર માછીમારને ડીઝલપરનું આવુ વેટરાહત રિએમ્બર્સ મેન્ટ મળવાપાત્ર થશે નહી.

(૨૫) દરેક વર્ષે નકકી થયા મુજબ ફી શીંગ મ ાટે બ ંધસીઝન તરીકે જાહેર કરવામાં આવેલ સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ ડીઝલકાર્ડ ઉપર આલાભ આપી શકાશે નહી. વધુમાં આખા વર્ષ દરમિયાન (બંધસીઝનસિવાય) ફીશીંગની ટ્રીપોમાં જવા માટે નિયત ના તેમજ નિયત થયેલ ટ્રીપના જથ્થામાં ડીઝલનો ઉપાડ કરીને ફીશીંગમાં જવાનું રહેશે. અને તે મુજબ જ વેટરાહત મંજુર કરવાની રહેશે. અને તેનાથી વધુ વેટરાહતનો લાભ આપી શકાશે નહી આમાટેના જથ્થાનું પ્રમાણ નાણાવિભાગના તા. ૯/૬/૮૮નાજાહેરનામા અને તા. ૧/૪/૦૩ તથા તા. ૦૧/૧૦/૨૦૧૨ અને તા. ૨૩/૦૯/૨૦૧૪નાઠરાવમુજબનીચેપ્રમાણેરહેશે.

| ક્રમ | બોટએન્જીનનાહોર્ષપાવર (બીએચપી) | ટ્રીપવાર જથ્થો લીટરમાં | વાર્ષિકમળવાપાત્રજથ્થો લીટરમાં |
|---|---|---|---|
| ૧ | ૧ થી ૪૪ | ૨૫૦ | ૧૧૦૦૦ |
| ૨ | ૪૫ થી ૭૪ | ૫૦૦ | ૧૬૦૦૦ |
| ૩ | ૭૫ થી ૧૦૦ | ૧૮૦૦ | ૨૧૦૦૦ |
| ૪ | ૧૦૧ અને તેનાથી ઉપર | ૨૦૦૦ | ૨૪૦૦૦ |

(૨૬) મત્સ્યોદ્યોગ કાયદા-૨૦૦૩નો માછીમારોએ ચુસ્તપણે અમલ કરવાનો રહેશે અને તેના ભંગબદલ ડીઝલકાર્ડ જપ્ત કરવાનું રહેશે.

(૨૭) સરકારશ્રીની વિવિધયોજનાઓ અંતર્ગત માછીમારોને/માછીમારી સહકારીમંડળીઓને આપવામાંઆવેલ ધિરાણ/સહાય અન્વયે સરકારી બાકી ચડત લ્હેણાંની રીકવરી માટે બાકીદારોને આવી રિએમ્બર્સમેન્ટ ચુકવણી કરતા પહેલા મત્સ્યોધોગખાતાની સંબંધીત કચેરીએ આવા રિએમ્બર્સમેન્ટ દરેકબીલમાંથી ૫૦ટકા રકમ સરકારી બાકીલ્હેણા પેટે વસુલકરવાની રહેશે. અને જ્યાં સુધી બાકીદાર પાસનું તમામ ચડત બાકી સરકારી લ્હેણું પુરેપુરુ વસુલ નથાય ત્યાં સુધી બાકીદારના રિએમ્બર્સમેન્ટના દરેકબીલ માંથી આવી કપાત કરવાનું સંબંધિત જિલ્લા કચેરીએ ફરજિયાત ચાલુ રાખવાનું રહેશે.

(૨૮) ફીશીંગ બોટો આઇ.એમ.બી.એલ. ક્રોસ કરે અથવા આઇ.એમ.બી.એલ. નજીક " નો ફીશીંગ ઝોન" માં માછીમારીકરતાં કોસ્ટ ગાર્ડ દ્વારા પકડાય અથવા કલર કોડ વગરની બોટ ફીશીંગ કરતાં કોસ્ટ ગાર્ડ દ્વારા પકડાય આવા કીસ્સાઓમાં કોસ્ટ ગાર્ડ / મરીન પોલીસ દ્વારા રીપોર્ટ કરવામાં આવે ત્યારે કોસ્ટ ગાર્ડ / મરીન પોલીસના રીપોર્ટ કર્યાની તારીખથી એક વર્ષ માટે ડીઝલ કાર્ડ તાત્કાલિક અસરથી મોકૂફ રાખવાનું રહેશે. અને બીજી વારના આવા નિયમભંગના કીસ્સામાં ડીઝલ કાર્ડ કાયમી ધોરણે રદ કરવાનું રહેશે.

(૨૯) ફીશરમેન તરફથી જે રાહત માટેના ડીઝલ ખરીદીના બિલો માટે કલેઇમ રજુ કરવામાં આવે તે બિલોની સંબંધીત ડીઝલ વીક્રેતા (ડીલર)ની અસલ બીલબુક (સ્થળપ્રત)ની સાથે બીનચુક ખરાઇ કરવાનીરહેશે, જેથી અનિયમીતતા અને ગેરરીતીના કિસ્સા અટકાવી શકાય. આ બાબતે જેતે કચેરીના વડાની જવાબદારી રહેશે.

(૩૦) આ યોજનાની અમલવારીમાં જે માછીમારોની હોડીઓ પાકિસ્તાન મરીન સિકયુરીટી એજન્સી દ્વારા પડાયેલ હોય તેવી હોડીઓના માલિકોના લાયસન્સ અને ડિઝલકાર્ડ રદ કરવાના રહેશે. અને તેની જિલ્લા અધિકારીએ ખરાઇ કરવાની રહેશે.

(૩૧) જે બોટોસ્ક્રેપ થઇ ગયેલ હોય, રદ બાતલ કરવામાં આવેલ હોય અથવા બીનઉપયોગી હોય કે ફીશીંગમાં વપરાશમાં ન લેવાતી હોય કે ફીશીંગ માટે ન ગયેલ હોય તેને આયોજનાનો લાભ આપવામાં આવશે નહી જેની તકેદારી જિલ્લાઅધિકારીએ બિનચુક રાખવાની રહેશે. ફીશીંગમાં વપરાતી બોટો નેજ આયોજનાનો લાભ આપવાનો રહેશે. બોટ ફીશીંગમાં જાય છે તે અંગેની ચકાસણી કુલબોટોના ૧૦૦% બોટોની મત્સ્યઅધિકારી/મદદનીશ મત્સ્યો. અધિક્ષક (સી) એ, ૫૦% ચકાસણી જીલ્લાઅધિકારીએ તેમજ ૨૦% બોટોની સંબંધીત વિભાગીય વડાએ ભૌતિક ચકાસણી કરવાનીરહેશે.

(૩૨) યોજનાની અસરકારક અમલવારી થાય તે માટે રીયલક્રાફ્ટ સોફ્ટ વેરનો ઉપયોગ ફરજીયાત કરવાનો રહેશે.

(૩૩) યોજનાના અમલીકરણમાં અનિયમિતતા અટકાવવા માટે વહીવટી સરળતા માટે અને ખર્ચના ધસારાને ઘટાડવા માટે બોટધારકોએ ડિઝલની ખરીદીના બિલો ખરીદીના માસ પછીથી મોડામાં મોડા ૩૦ દિવસમાં રજુ કરવાના રહેશે ત્યારબાદ આવા બિલો સ્વીકારી શકાશે નહિ.

(૩૪) પાકીસ્તાન મરીન સીક્યુરીટી એજન્સી દ્વારા પકડાયેલ હોય તેવી હોડીઓ સામે ભારત સરકારશ્રીની યોજનાથી એમ.પી.ઇ.ડી.એ. દ્વારા સોફ્ટ લોન પેકેજનો લાભ લઇ ફરીથી બોટો બનાવવામાં આવેલ હોય તો આવી પાકીસ્તાન દ્વારા પકડાયેલ બોટોના જુના રજીસ્ટ્રેશન સામે સોફ્ટ લોન મેળવીને નવી બોટનું નવું રજીસ્ટ્રેશન કરી લાયસન્સ આપવામાં આવેલ હોય તો ડીઝલ વેટ રાહત આપવાની રહેશે.

(૩૫) યોજનાની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશ

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે પાડવાનો રહેશે.

માંગણી નંબર- ૦૬
મુખ્યસદર - ૨૪૦૫ મત્સ્યોદ્યોગ
ગૌણ સદર- ૮૦૦ અન્ય ખર્ચ
પેટા સદર - (૦૫) એફએસએચ-૧૬, ૨૦ મીટરથી ઓછી લંબાઇની માછીમારી માટેની યાંત્રિક હોડીઓ માટે વપરાશમાં લેવાતા હાઇસ્પીડ ડીઝલ પરના વેટ-વેચાણવેરા રાહતની યોજના-

મહેસુલ ખર્ચ યોજનાનો નંબર- ૧૧૦૪૨૧
હેડ ચાર્જેબલ ૨૪૦૫ ૦૦ ૮૦૦ ૦૫
વિગતવાર સદર ૩૩૫૫ સહાયકી (ગ) અન્યને

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ ) ની તા. ૨૪/૦૪/૨૦૧૮ ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (મત્સ્યોઘોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
(૨) માન.રા.ક.મંત્રીશ્રી (મત્સ્યોઘોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર
(૩) સચિવશ્રી, (મત્સ્યોઘોગ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
(૪) મત્સ્યોઘોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
(૫) નાયબ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ / વેરાવળ
(૬) નાણાં સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૭) મહાલેખાકારશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ
(૮) ઉપ મહાલેખાકારશ્રી(ઇએસ-૧) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત
(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
(૧૦) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર
(૧૧) સેકશન અધિકારીશ્રી, આયોજન શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૨) સેકશન અધિકારીશ્રી, આઇ.ટી. શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૩) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૧૪) સીલેકટ ફાઇલ.